ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

આપે તીડ, તોફાન વરસાદ પનોતી બેઠી છે,
કોરોના સામે યુદ્ધમાં શસ્ત્રોની ધાર બુઠ્ઠી છે.
ઉઠી છે શ્રદ્ધા - વિશ્વાસ, કર્તવ્યપાલનમાં સૌની -
કરી છે અવગણના, તેથી કુદરત રૂઠી છે...

હાઈકુ

નીતિ ને ન્યાય,
તોલાય સંપત્તિથી -
આપે આપત્તિ...

પસંદ નથી -
પરમાત્માને પણ -
દંભ-પાખંડ

### ચિંતન

*યસ્યં ચિત્તં નિર્વિષયં હૃદયં યસ્ય શીતલમ્ ।*
*તસ્ય મિત્રં જગત્સર્વં તસ્ય મુક્તિઃ કરસ્થિતા ॥*

ઉપરોક્ત શ્લોક 'હિતોપદેશ'માંથી લેવામાં આવેલ છે.

જેનું ચિત્ત વિષયાસક્ત નથી અને જેનું હૃદય શીતળ અર્થાત્ હર્ષશોકાદિ રહિત છે, સમગ્ર જગત એનું મિત્ર છે અને મુક્તિ તો એના હાથમાં જ હોય છે.

જેનું ચિત્ર વાસના - વિકારોથી દૂર છે. અને હૃદયમાં અધ્યાત્મની શાંતિ ભરી છે. વર્તનમાં નમ્રતા અને વિવેક હોય એ આત્મા આખા વિશ્વનો મિત્ર જ હોય છે. બધાને રામમય જાણીને જે વંદન કરતો હોય એનો કોઈ દુશ્મન ક્યાંથી હોય?

આવાં વ્યક્તિને સદા સુખ-શાંતિ મળે છે અને 'મુક્તિ' મળી ગઈ હોય એનું જીવન જીવે છે.

### સુવિચાર

- ધન બીજાની ભલાઈમાં ખર્ચ કરો તો તેનું કંઈક મૂલ્ય છે, નહીં તો તે બુરાઈનો ઢગલો છે - **આશુતોષ દ્વિવેદી**
- પ્રજાના કોપ અન્ય વર્ષ આપત્તિઓ કરતાં વધુ ભયંકર હોય છે - **ચાણક્ય**
- ભવિષ્યમાં શું થવાનું છે તેની પડપૂછ કરવાનું છોડી દે અને આજે તને જે મળે છે તે ગનીમત છે એમ ધાર - **હદીસ બોધ**
- જેનું હૃદય સહાનુભૂતિથી ભરેલું છે તેને જ ટીકા કરવાનો અધિકાર છે - **અબ્રાહ્મ લિંકન**
- પ્રેમ કરનાર વ્યક્તિ સંપૂર્ણ હોય એ જરૂરી નથી, માનવ હોય એટલું પૂરતું છે - **ઓસ્કાર વાઈલ્ડ**
- વીરતાને જો વિવેકનું પીઠબળ નથી મળતું તો એ વિનાશકારી નીવડ્યા વિના રહેતી નથી, આચાર્ય એ છે કે આજે વીરતાની પ્રતિષ્ઠા છે, વિવેકની કોઈ બજાર નથી - **પૂજ્ય જીનપ્રેમવિજયજી**
- આજનું ઔષધ : તેજપત્તાને પાણીમાં ઉકાળી ૫૦ મિલિ. સવાર-બપોર-સાંજ પીવાથી કમરના દુઃખાવામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક શેઠ પૈસાના મદથી ગામનો અગ્રહણી બની ગયો હતો. કોઈને ત્યાં મરણ પામ્યું હોય તો જવલ્લે જ જાય. ન છૂટકે જવું પડે તો સ્મશાનમાં ઘોડે ચડીને કે ઘોડાઘાડીમાં બેસીને જાય. ડાઘુ તરીકે તે કોઈ મદદરુપ થાય નહીં. શેઠની માતા મૃત્યુ પામ્યા. તેમને ગુમ્સાતઓ સાથે સ્મશાન આવવા માટે જ્ઞાતિજનો અને ગામના નાગરિકોને કહેણ મોકલ્યું. ત્રણચાર વડિલોએ ભેગા મળીને શેઠને ઘરે મરણનો પ્રસંગ હોય અને તેમના ઘરે કોઈ ન જાય તો ઠીક ન દેખાય એટલે સૌ લાકડીઓના ઘોડા બનાવ્યા. નાના બાળકો લઈ શેઠના આંગણે પહોંચ્યા. સૌએ નક્કી કર્યું હતું કે દેહને કાંધ આપવી નહીં. સૌએ ઘોડા પર બેસીને આવ્યાનો ડોળ કર્યો. શેઠને ઠાઠડી તૈયાર કરવામાં મદદ ન કરી. શેઠ પોતાની ચૂક સમજી ગયા. તેણે પાઘડી ઉતારી સૌ ગ્રામજનોની માફી માંગી. નાતજાતના કામમાં તો સર્વ સરખા સમજવા જોઈએ. અને એકબીજાને ભીડે ભોગ પડવું જોઈએ.

# અંધારા અવાવરું કૂવામાં છબછબિયાં

**તંત્રીસ્થાનેથી...**

કોરોના હવે વૈશ્વિક મહામારી લેખે લોકમાનસમાં પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે ત્યારે સ્થગિત થઈ ગયેલી આર્થિક અને સામાજિક-શૈક્ષણિક-સાંસ્કૃતિક ગતિવિધિઓ ક્રમશઃ પુનઃસ્થાપિત થાય તે જરૂરી બની ગયું છે. આ નવા વાઈરસ વિશે ખુદ વૈજ્ઞાનિકો કે વિશ્વ આરોગ્ય સંસ્થા ટકોરાબંધ નક્કર માહિતી નથી ધરાવતાં. ઘણું બધું ધારણાઓ અને સંભાવનાઓ પર આધારિત અધકચરું જ્ઞાન પીરસી દેવાયું છે જે જનમાનસ માટે ભારે અવઢવ અને માનસિક વિટંબણાનું કારણ બની રહેલ છે. વિવિધ માધ્યમો દ્વારા પરસ્પર વિરોધી એવા દાવા થતા રહે છે. આખરે ભરોસો કોનો કરવો તે સવાલ બની રહે છે. બે જ ઉદાહરણ પૂરતાં થઈ રહેશે. મેલેરિયા માટે અકસીર લેખાયેલી હાઈડ્રોક્સી કલોરોક્વીન દવા આ નવી વાઈરલ મહામારીમાં અસરકારક હોવાનાં તારણ નીકળતાં જ લોકો પાણી પહેલાં પાળ બાંધતા હોય એમ આ ટેબ્લેટ્સ ગળવા લાગી ગયા છે. સામાન્ય માણસ સમર્થ માણસોનો દોરવ્યો દોરવાતો હોય છે. અમેરિકાના પ્રેસિડેન્ટ પોતે આ ટેબ્લેટ્સ પ્રતિરોધક (પ્રોફાઈલેટિક્ટ) દવા તરીકે લેતા હોવાનું કહેતા ફરે ત્યારે સ્વાભાવિક છે કે સામાન્ય માણસોને એ લેવાનું મન થાય. રોગ અદૃષ્ટ શત્રુની જેમ ક્યારે ત્રાટકે એ નક્કી નહીં, એથી બહેતર છે કે એને પ્રવેશતાંની સાથે મારી હટાવનારું રસાયણ શરીરમાં મોજૂર હોય. પરંતુ વિધિસરના અભ્યાસના તારણમાં હાઈડ્રોકસીકલોરોક્વીન કોવીડ-૧૯ના સંક્રમણને અટકાવતો હોવાના પુરાવા હજી નથી મળ્યા. ઉલ્ટાનું આ રસાયણ બિનજરૂરી નુકશાન પહોંચાડી શકે છે અને માનવીને મોતના મુખમાં ધકેલી શકે છે. ખુદ કોવિડ-૧૯ના કેસો પર ટ્રાયલ માટે વિશ્વ આરોગ્ય સંસ્થાએ શરુઆત કરેલી, જેનો સાનુકૂળ પરિણામો નથી વરતાતાં આ ટ્રાયલ બંધ કરાયેલ છે. ટ્રમ્પે તાબડતોબ હાઈડ્રોક્સીકલોરોક્વીનનો જંગી જથ્થો અમેરિકાને ફાળવવા ભારત સરકાર પર દબાણનું કર્યું હતું અને વડાપ્રધાન મોદીએ એનો વશ થઈ નિર્યાત નહીં કરવાજોગ દવાઓની યાદીમાંથી ફેરફાર કરાવી ટ્રમ્પને રાજી કરવા પડ્યા હતા તે જગજાહેર બાબત છે. આવો જ બીજો મુદ્દો કેટલાંક સામયિકો દ્વારા ધૂમ્રપાનથી કોરોના સંક્રમણ અટકતું હોવાનો છે. સિગારેટમાં રહેલું નિકોટીન કોરોનાને શ્વસનતંત્રમાં પ્રવેશતાંની સાથે નેસ્તનાબૂદ કરી દે છે એવી અવધારણાને પણ કોઈ વૈજ્ઞાનિક સંશોધન પુરવાર કરતું નથી. ઊલટાનું નિકોટીનથી ફેફસાંને નુકશાન જ થાય અને કોરોનાના હુમલા માટે ઝીંક ઝીલવામાં એ નિષ્ફળ નીવડે એવી માન્યતા વધુ ગળે ઊતરે એવી છે. નિકોટીનથી હૃદયને પણ ઘણું નુકશાન પહોંચે છે તે જાણીતી હકીકત છે. શાકાહારથી કોરોના સામે વધુ મજબૂતીપૂર્વક લડી શકાય છે, એવી અવધારણાને પણ વૈજ્ઞાનિક સંશોધનનું સમર્થન નથી સાંપડ્યું. પરંતુ માસાંહારીઓ સંક્રમણનો ભોગ વધારે સંખ્યામાં બનતા રહ્યા છે, તે નોંધપાત્ર બાબત છે. ટૂંકમાં કોરોના વિશે દુનિયા આજ સુધી કોઈ નક્કર તારણ પર નથી આવી શકી. વાઈરસ ૨૦૧૯ના ડિસેમ્બરમાં સૌ પહેલાં દેખાયું છે એટલે સ્વાભાવિક છે કે એના વિશે સંપૂર્ણ સત્ય મેળવતાં સમય તો લાગશે જ. રસીની શોધ અનેક સ્તરે ચાલુ છે એમ અનેક એન્ટિ બેક્ટેરિયલ દવાઓ પણ કોરોના પર વધતાઓછા પ્રમાણમાં અસરકારક બની શકે છે - જો કે એનાં અંતિમ તારણોમાં નીકળતાં પહેલાં જ ગંભીર દર્દીઓ પર એના અખતરા તો ચાલુ જ છે. સૌથી શ્રેષ્ઠ ઉપાય છે ઈમ્યુનિટી વધારવાનો. વ્યાયામ, યોગ, શાકાહાર, નિયમિત જીવનશૈલી અને સાથે જ પહેલાં જ દિવસથી અદૃષ્ટ શત્રુને નાથવા અપાતી સહાલ મુજબ વારંવાર સાબુથી ઘસી ઘસીને હાથ ધોવા, સેનિટાઈઝર અને માસ્કનો ઉપયોગ કરવો વગેરે બાબતો શક્ય એટલા સોશિયલ ડિસ્ટંસિંગ સાથે અમલમાં મૂકવા સિવાય કોરોના સામે ઝીંક ઝીલવી અઘરી છે.

# અરે યાર! તું ભુલી ગઈ, આપણે હમણાં સોસિયલ ડિસ્ટન્સ રાખવાનું છે



**નવાં કલેવર**
**નટવર હેડાઉ**

અંક્તિ અને અર્પિત એકબીજાની ખૂબ જ ચાહતા હતા.

કૉલેજકાળનો સોનેરી સમય પૂર્ણતાને આરે હતો. બંને હવે પુખ્ત પણ થઈ ચૂક્યાં હતા. સાથે જીવવાના બંનેએ કોલ આપી દીધા હતા. અંક્તિને નોકરી પણ મળી ગઈ હતી. તેની વચ્ચે અચાનક કોરોના વિલન બનીને આવી ગયો હતો. બંને દિવસમાં એકાદ વખત તો ફોનમાં વાતચીત કરતાં,વીડિયો કોલીંગથી એકબીજાનાં ચહેરાઓ પણ જોઈ શકતા, ચહેરા પરની ચિંતા અને વ્યથાથી બંને વિહ્વળ બની જતાં. અર્પિતાએ ઘરમાં વાતચીત કરતાં તેના માતાપિતાએ જાતિ અને ધર્મને લઈ વાંધો લીધો હતો. એ વાતે બંનેનું ટેન્શન વધી ગયું હતું.

લોકડાઉન લંબાતું જતું હતું. તેઓ બંને રહેતા હતા તે વિસ્તારમાં કોરોનાના કેસ વધુ આવતાં સમગ્ર વિસ્તાર કોરોન્ટાઈન કરવામાં આવ્યો હતો. બહાર નીકળવાનું પણ મુશ્કેલ હતું.

તેમના આ સંબંધોને લઈને બંનેના કુટુંબના લોકોના મનમાં સંશયના વાદળો ઘેરાયા હતા. તેથી ફોન પર વાત કરવાનું પણ મુશ્કેલ બની રહ્યું હતું. ક્યારેક દુધ - કે શાકભાજીના બહાને બહાર નીકળતાં તો દૂરથી એક બીજાને જોઈ લેતા. આવું બધું થવાથી અપેક્ષા ખૂબ જ વ્યાકુળ થઈ ગઈ હતી.

તે મમ્મીની દવા લેવાને બહાને બહાર નીકળી ત્યાં રસ્તામાં અંકિત મળી ગયો.

'અંકુ, હું તારા વિના નહીં રહી શકું.' અર્પિતાએ કહ્યું.

'અપુ... તારા વિના મને પણ જીવન વ્યર્થ લાગે છે. પણ શું થાય, થોડા દિવસમાં બધું સારું થઈ જશે. ત્યાં સુધી ધીરજ રાખવી પડશે.' અંકિતે કહ્યું.

'ના, પણ મારી ધીરજ હવે ખૂટી ગઈ છે. હવે કેટલા દિવસ, આ કોરોના, લોકડાઉનનાં બંધનોમાં રહીને હું તો ખૂબજ કંટાળી ગઈ છે.' અર્પિતા બોલી.

એકબીજાનો સમજાવવા, મનાવવાની બધી કોશિષો નક્કામી સાબિત થઈ. પણ બંને વચ્ચે પ્રમની ઉષ્મા એવી જ ભરપૂર હતી.

'અર્પુ, હવે તો એક જ રસ્તો છે. લોકડાઉન ઘણી જગ્યાએ ખુલી ગયું છે. વાહન વ્યવહાર ચાલુ થઈ ગયો છે. તેનો લાભ લઈ શકાય.'

'એ કઈ રીતે ?'

'તું ઘર છોડીને ભાગી આવ. આપણે ભાગી નીકળીએ. ઘરવાળાઓથી દૂર આપણી દુનિયા વસાવીશું.'

અંક્તિની આ વાત સાંભળી અર્પિતા સૂનમૂન થઈ ગઈ. 'અંકુ, તું આ શું બોલે છે. તેનું તને કંઈ ભાન છે. હું એવું કંઈ રીતે કરી શકું. તું મને મળે કે ન મળે હું મારા માતાપિતા અને કુટુંબને દગો નહીં દઉં સમજ્યો ?' અર્પિતા એ રોકડું પરખાવી દીધું. તેને એમ લાગયું હતું કે આ વાત સાંભળી અંક્તિ નારાજ થઈ જશે. પણ એવું કંઈ થયું નહીં તે તો હંસી પડ્યો.

'અર્પિતા, મને તારાથી ગર્વ છે. મારી થનાર જીવન સંગિની પાસે મારી આવી જ અપેક્ષા હતી. તું પરીક્ષામાં પાસ થઈ છે.' અંક્તિ બોલ્યો.

'એટલે ?' અર્પિતાનું મોં ખુલ્લું ને ખુલ્લું જ રહી ગયું.

'જો મેં તારી વાત માની લીધી હોય તો મારો વિશ્વાસ ડગીમગી જાત. જે છોકરી એક અજાણ્યા છોકરા માટે પોતાના માતાપિતાને છોડી દે, જેમણે તેને ૨૦ વર્ષ સુધી ઉછેરી મોટી કરી ભણાવી-ગણાવી તે કાલે કોઈ બીજા માટે મને નહીં છોડી દે તેનું શું ઠેકાણું.'

'આપણે બંને બધી પરિસ્થિતિ થાળે પડ્યા બાદ આપણાં ઘરનાંઓને આ સંબંધ માટે સમજાવી લઈશું.' અંક્તિે કહ્યું ત્યારે તેની આ વાત સાંભળી અર્પિતા તેને ગળે વળગી પડી.

'અરે યાર! તું ભુલી ગઈ, આપણે હમણાં સોસિયલ ડિસ્ટન્સ રાખવાનું છે.' અંક્તિ બોલ્યો અને બંને હંસી પડ્યા.

દૂરથી પોલીસની ગાડી આવતી દેખાઈ રહી હતી.

# પિતા-પુત્રના સંબંધની એક કાયમી વિડંબણા



**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
amlani2000@yahoo.co.uk

( ગતાંકથી ચાલુ )

પોતાના દાદા ને પિતા પણ ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા હતાં. તેમની વાત કરતાં અભિનેતાએ કહ્યું કે તેના દાદા-પિતાનો એકબીજા પ્રત્યેનો વ્યવહાર પણ એવો જ હતો. દાદા અને પિતા એક જ ફિલ્મમાં, એક જ સેટ ઉપર સાથે કામ કરતા પણ બંને વચ્ચેનો વ્યવહાર તો પિતા-પુત્ર જેવો રૂઢીગત જ રહેતો. પોતાના પિતાના પિતાનો પોતાની સાથેના વ્યવહાર વિષે વાત કરતાં એ અભિનેતાએ ભાવુક થઈને કહ્યું કે પોતાના પિતાનો પણ પોતાની સાથે આ પ્રકારનો જ વ્યવહાર હતો. પોતે તેના પિતાને ગુરુ માને છે. પોતાના પિતાને તે સેટ અન્ય લોકોની જેમ ઉપર 'સાહેબ' જ કહેતા. પિતાના દિગ્દર્શન હેઠળ તરુણ અવસ્થામાં પોતે મુખ્ય નાયક તરીકે ખૂબ જ ચર્ચાસ્પદ અને સફળ એક રોમેન્ટિક ફિલ્મ કરી છતાં બંને વચ્ચેના સંબંધોનું અંતર તો પિતા-પુત્ર જેવું રહ્યું. પિતા-પુત્રના વ્યવહારનો રૂઢીગત વારસો સ્વભાવગત જળવાઈ રહ્યો જેમાં બદલાવ લાવવા માટે પોતે ક્યારેય પ્રયત્ન પણ ન કર્યો અને તેના વિષે વિચાર્યું પણ નહીં. પિતા-પુત્રના સંબંધોની પોતાના કુટુંબની જે વારસાગત પ્રણાલી હતી એ સાચવી રાખી અને કાયમ રહી.

એ અભિનેતાએ ઈન્ટરવ્યૂ દરમ્યાન જાહેરમાં કબૂલ કર્યું કે પોતે આ પ્રકારની પ્રણાલી જાળવી રાખી એ વાતનો તેને જરા પણ અફસોસ નથી. હા, તેમણે જાહેરમાં કબૂલ કર્યું કે પોતાના આ પ્રકારના પુત્ર સાથેના વ્યવહારને કારણે પોતે જીવનમાં કંઈક ગુમાવ્યું છે એ ચોક્કસ વાત છે.

ઈન્ટરવ્યૂમાં છેલ્લે તેમને સીમી ગરેવાલે એક ખૂબ જ મહત્વનો પ્રશ્ન પૂછ્યો કે એક બાપ તરીકે દીકરા પ્રત્યેની તમારી ભૂમિકા શું? અભિનેતા જવાબ આપતી વખતે ગડમથલ અનુભવતા રહ્યા, સ્પષ્ટ જવાબ ન આપી શક્યા અને છેલ્લે ચૂપ થઈ ગયા.

સીમી ગરેવાલને આ પ્રકારનો એક લાંબો ઈન્ટરવ્યુ આપનારા ખ્યાતનામ કલાકાર દંપતી એટલે રિશી કપૂર અને નીતુ કપૂર. તેનો અભિનેતા પુત્ર એટલે રણવીર કપૂર.

તાહેલકાના એડિટર તરુણ તેજપાલે પણ આ જ પ્રકારનો એક ઈન્ટરવ્યુ કર્યો હતો. એ ઈન્ટરવ્યુ આપનાર હતાં રિશી કપૂર, તેની ભત્રીજી કરિશ્મા કપૂર અને પુત્ર રણવીર કપૂર. ત્રણેય એક જ મંચ ઉપર એક સાથે હતાં. એક ઓડિટોરિયમમાં પ્રેક્ષકોની વચ્ચે લગભગ ચાલીસ મિનિટ એ ઈન્ટરવ્યુ દરમ્યાન કરિશ્મા કપૂર પોતાના કાકા રિશી કપૂર સાથે જે રીતે મુક્ત રીતે વ્યવહાર કરતાં હતાં એવો મુક્ત વ્યવહાર રણવીર કરી શકતા ન હતાં. એ પૂરા ઈન્ટરવ્યુ દરમ્યાન સંકોચ અનુભવતા હતા. તેજપાલે પણ એ ઈન્ટરવ્યુ દરમ્યાન સીમી ગરેવાલ જેવા જ કેટલાક પ્રશ્નો પૂછ્યા હતાં. એ સમયે પણ રિશી કપૂરે આપેલા ઉત્તરોમાં ઉપરની વાતોનુ સમર્થન મળ્યું હતું.

આ વાત ભલે રિશી કપૂર અને તેના પુત્ર રણબીર કપૂરના સંબંધોની હતી પણ એ વાત એમના પૂરતી જ સીમિત નથી. આપણા સમાજમાં અનેક પિતા-પુત્રના સંબંધોની કદાચ આ જ પ્રકારની વિડંબણા છે. પિતા પુત્રના સંબંધોની કેટલીક વારસાગત પ્રણાલીઓ તોડી શકાતી નથી, રૂઢીઓ બદલી શકતી નથી અને સંબંધોની નવી કેડીઓ કંડારી શકાતી નથી. જ્યારે જ્યારે રૂઢીઓ તોડીને, નવી પ્રણાલી શરૂ કરીને પિતા-પુત્ર વચ્ચે કોઈપણ પ્રકારનું અંતર રાખ્યા વિના મૈત્રીભર્યા સંબંધો કેળવાય છે ત્યારે પણ જુદા જ પ્રકારની સમસ્યાઓ ઊભી થાય છે. ત્યારે પણ નવી વિડંબણાઓ સર્જાતી હોય છે. દરેક પેઢીની, દરેક કુટુંબની પિતા પુત્રના સંબંધોની વ્યાખ્યા અલગ અલગ હોય છે છતાં કેટલીક રુઢી તો હોય એ જ રહેતી હોય છે જેમાં બદલાવ થતો નથી ક્યારેક બદલાવ લાવવા પ્રયત્નો થાય તો બીજા પ્રકારની સમસ્યાઓ ઊભી થતી હોય છે. પિતા પુત્રના સંબંધોની આ વિડંબણા એવી હોય છે કે જેના ઉપર યોગ્ય ધ્યાન ન આપીએ તો એ સંબંધોમાં ક્યારેક તહસનહસ થઈ શકે છે.

પુત્ર માટે પિતા હંમેશા એક આદર્શ હોય છે. કદાચ પિતા જે કોઈ પ્રકારનું પુત્ર સાથે વર્તન કરે એ જ પ્રમાણે ભવિષ્યમાં પુત્ર પણ પોતાના પુત્ર સાથે વર્તન કરી શકે છે તેથી રૂઢીઓ તૂટી શકતી નથી. સીમી ગરેવાલે આવો જ એક પ્રશ્ન રીશી કપૂરને પૂછ્યો હતો કે તમે જે રીતે રણવીર સાથે વર્તન કરો છો એવું જ વર્તન ભવિષ્યમાં રણવીર પોતાના પુત્ર સાથે નહીં કરે? રીશી કપૂરે હસતાં હસતાં કહ્યું કે "ના, રણવીર એવું નહીં કરે એવો મને વિશ્વાસ છે."

રીશી કપૂરે કહ્યું કે પોતે પોતાના પુત્ર રણવીરની ફિલ્મોમાં હંમેશા ભૂલો જ કાઢવાની કોશિશ કરતાં. વાસ્તવમાં એક પુત્ર પોતે જે કઈ કરે છે, તેની પૂષ્ટીની, તેના સમર્થનની, તેની પ્રશંશાની, તેને સારું કરવા માટે સૂચનોની પિતા પાસેથી અપેક્ષા રાખતા હોય છે. અલબત, પિતા પોતાના પુત્રના કાર્યોને પોતાના દ્રષ્ટિકોણથી મૂલવતાં હોય છે તેને કારણે આવું બનતું હોય છે. આમ છતાં ક્યારેક પુત્રની દ્રષ્ટિથી પણ તેના કાર્યોને મુલવે તો કદાચ બંનેના સંબંધોમાં કઈક વધારે નિખાર આવી શકે.

માતા અને દીકરીના સંબંધોમાં એકબીજા પ્રત્યે કાળજી અને ખેવના હોય છે. એવી જ કાળજી અને ખેવના પિતા પુત્રના સંબંધોમાં પણ હોય છે. કમનસીબે એ કાળજી અને ખેવના બંને પક્ષેથી અભિવ્યક્ત નથી થતી અથવા તો ઓછી અભિવ્યક્ત થતી હોય છે તેને કારણે એ બંનેના સંબંધો રૂઢીગત થઈ જતાં હોય છે.

આપણે આપણા કુટુંબની રૂઢી પ્રમાણે સંબંધો રાખવા પડે, સાચવવા પડે અને જરૂર હોય ત્યારે એ રૂઢી બદલીને પણ સંબંધોની વિડંબણાઓને ઉકેલવી પડે. પછી એવું ન બને કે જીવનના છેલ્લા વર્ષોમાં આપણે રિશી કપૂરની જેમ કહેવું પડે કે 'મેં જીવનમાં કઈક ગુમાવી દીધું'

# અર્થતંત્રને ચેતનવંતુ બનાવવા જાગૃતિ સાથે સઘન પ્રયાસો!



**જીવન ઉપવન**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**
mmtrivedi007@gmail.com

સતત્ કોરોનાના કકળાટ આંકડાઓ અને સમાચારો વચ્ચે ઘરમાં રહેલા લોકો હવે પોતાના ધંધા વ્યવસાય કે જોબમાં ફરીથી ગોઠવાઈ જવા ખુબ આતુર છે પરંતુ હજી વાઈરસનું જોખમ ઘટ્યું નથી તે કડવી સચ્ચાઈ છે. આ સંકટ ઝડપથી ટળી જાય તેવું નથી કે કોઈ દવા મળી શકે તેમ પણ નથી. આ બાબતને પણ ધ્યાનમાં રાખી ક્રમશઃ લોકડાઉનમાંથી કાઢવાનો સરકારનો પ્રયાસ કરવા લાગી છે ! આરોગ્ય ક્ષેત્રમાં ખૂબ કામ થઈ રહ્યુ છે છતાં બધામાં કોઈને કોઈ મર્યાદા તો હોય છે. ઉપલબ્ધ બધું હોય તેનો ઉપયોગ કરી નવા નવા આયોજન પણ કરતા જ રહેવું પડે ત્યારે સફળતા મળી જશે.

આ બાયો કમ વેપન સામે બધા રાષ્ટ્રો યુદ્ધ લડી રહ્યા છે. તો સંક્રમણ અટકવાનું કંઈ દેખાતું નથી. આવી મહામારી કોઈએ જોઈ નથી. જયાં દરેક વ્યક્તિ લાચાર બની છે ! વિશ્વ આરોગ્ય સંસ્થાની ગાઈડ લાઈન્સને બધા અમલી કરી રહ્યા છે પણ અંતે લોકોની ઈમ્યુનિટી, આદતો, ઉછેર, વય એમ અલગ અલગ કારણોસર પરિણામો મળી રહ્યા છે. રોગ સામે લડવાની શારીરિક માનસિક શક્તિ પુષ્ટ કરવાની વાતો ખૂબ ઉચિત લાગે છે જે ઉપર વાતો થઈ રહી છે. દુનિયાના પરિવર્તનો છેવટે તો કુદરતની મરજીને આધિન હોય છે. માનવી માત્ર નિમિત્ત બનતો રહે છે. મહામારીનો કહેર કમ કરવા પુનઃ કાર્યક્ષેત્રમાં લાગી જાઓ અને સતત સાવચેત રહો તો આર્થિક બદહાલીથી બચી શકો માટે હવે ધંધા-ઉદ્યોગો - વાહનવ્યવહાર બધુ શરૂ કરવાની દિશામાં પ્રયાસો શરૂ થયા છે. બધું બંધ હોવાથી અબજો રુપિયાનું નુકશાન થઈ ગયું છે અને હવે ગાડીને પાટે ચઢાવવાનાં ઉપાયો થઈ રહ્યા છે ત્યારે કેટલાક પાયાના પ્રશ્નો ઉપર ધ્યાન આપવાની સત્વરે જરૂરિયાત છે જેમ કે :

(૧) ગુજરાતના ઔદ્યોગિક વિકાસમા પણ પ્રાંતીય શ્રમિકો બહુ જ ઉપયોગી અંગ છે જે હાલ તો પોતાના વતનમાં ગયા છે કુલ આવા શ્રમિકો પૈકી દસ ટકા ગુજરાતમાં ટકી ગયાનો અંદાજ છે. હવે શ્રમ કરવાની શક્તિ અને માનસિકતા ગુજરાતના શ્રમિકોમાં ખૂબ ઘટે છે એટલે ધીમે ધીમે જતા રહેલા શ્રમિકોને પરત લાવવાનું આયોજન પણ કરવું જ પડશે. અન્યતા પુષ્કળ ક્ષેત્રોમાં ધાર્યુ ઉત્પાદન કે નિકાસ થઈ શકશે નહીં, નવી શ્રમનીતિનો અમલ જરૂરી બન્યો છે. નોંધાયેલા કામદારોની વિગતો ઉપલબ્ધ હોવાની તેમનો સંપર્ક કરી અહીં લાવવાની ઝૂંબેશ ઉપાડવી જ પડશે.

(૨) કૃષિ સંલગ્ન પ્રવૃત્તિઓને સહાયતા આપીને ઉત્પાદન ઘટે નહીં એ પ્રથમ સુનિશ્ચિત કરવું પડશે જેના માટે રાહત પેકેજમાં પણ જોગવાઈઓ કરવામાં આવી છે. ખેતીમાં પાકધિરાણનું નવીનીકરણ સમયસર થાય તે માટે બેન્કીંગ ક્ષેત્ર સાથે પ્રતિદિન - ફોલોઅપ - આકલન કરવાની તાતી આવશ્યકતા ભાગી રહી છે. કૃષિ અર્થતંત્રનો આત્મા છે તે યાદ રાખવું જ પડશે.

(૩) ગુજરાતમા નાના કારીગરો, વાહન ચાલકો, ફેરિયાઓ, લારી-ગલ્લા ઘાટકો અને સ્વયં રોજગાર મેળવતા તમામ લોકો માટે મર્યાદામાં માત્ર બે ટકા વ્યાજમાં લોનની જે વાત થઈ તેનો ઠરાવ તા. ૨૩મી મે, ૨૦૨૦ દ્વારા પ્રશાસન સ્તરે થયો છે એ મુજબ લોકોને સરળતાથી લોક દ્વારા રકમ મળતી થાય એ કામને અગ્રતા મળે એ ખુબ જરૂરી છે. કેમ કે બે માસથી આવા લોકો આવક વિના પરેશાન છે. લોકોને લિક્વીડીટીની જરૂરિયાત છે. અમલ કરનાર બેંકોને કડક સૂચનાઓ થવી જ જોઈએ. લગ્નનું મરણમાં કામ લાગે તેવું હરગીજ ના બનવું એ લોકહિત કહી શકાય. નાણાં વિના વિશ્વ બે સ્વાદ હોય છે !!

(૪) ગુજરાતના વિકાસમાં જેનો સિંહફાળો છે તેવા મહત્ત્વના ઉદ્યોગો જેવા કે ટેક્સટાઈલ્સ, ડાયમંડ, સિરામિક, કેમિકલ પ્રોડક્ટસ હાલમાં નાણાં અને શ્રમિકની તંગીથી પરેશાન છે ત્યારે બેંકો દ્વારા તેઓ ને એડહોક કે એડીશનલ વર્કિંગ કેપિટલ આપવા આગળ આવે એ ખૂબ જ જરૂરી છે. વિકાસની પ્રક્રિયાને સંકુચિત કદી કરવી જોઈએ નહીં કેમ કે આપણું ધ્યેય 'સબકા વિકાસ' પણ છે જ!!

(૫) સરકારે હવે કોઈ પણ પ્રકારના નવા ટેક્સ કે સેસ નાખવાથી દૂર રહેવું જોઈએ. કારણ કે લોકોની ક્ષમતા નથી. મધ્યમવર્ગનાં મોંઘવારી ભથ્થાની વૃત્તિને ફ્રીઝ કરી ને તેને પોવર્ટી લાઈન તરફ ધકેલવાની જ આ ઘાતક કાર્યવાહી છે તેના ઉપર ફેર વિચારણા થાય એ માંગ છે. નાણાં કઈ રીતે એકડા કરવા એ પ્રશાસનની કુનેહ અને આવડત ઉપર અવલંબ છે. આટલા મોટા દેશમાં આ માટે ઘણા વિકલ્પો હાજર છે. કોઈ આયોજનની જાહેરાત કરતા પહેલા પૂરતી તૈયારી અને હોમવર્ક કરવું પડે તો જ પ્રજાના ઉત્સાહ ને ટકાવી શકાય. નોકરીયાતો સરકારના અંગો છે અને કોરોના વોરિયર્સ પણ છે.

(૬) કોરોના મહામારી સૌ માટેની એક અગ્નિ પરીક્ષા છે કારણ કે કોણ કેટલાં પાણીમાં છે તેનો ખ્યાલ આવી રહ્યો છે. દેશ માટેના પ્રેમને જીવંત રાખવાની જવાબદારી બધાની છે. તેમાં તમામ લોકોએ કંઈક ત્યાગવું પડે પણ પેટ ખાલી હોય ખાવાનું મળતું ના હોય બિમારી સામે લડવાના નાણાં ના હોય તેવા લોકો પાસેથી કંઈ પણ લેવું એ ઉચિત હોતું નથી. શિક્ષણ સત્ર શરૂ કરવામાં ઉતાવળ કરવી મોટી ઉપાધિ સાબિત થશે માટે યોગ્ય પગલાઓ લેવામાં ધીરજ રાખવી જ પડશે. હવે તમામ કાર્યક્ષેત્રની શૈલી ડિજિટલ થવાની છે તે વિના વિકલ્પો બહુ નથી. વાતો ઉમદા કરવાની વિકાસ કંઈ સરળ થતો નથી. પ્રજાએએ અનુસાસનમાં રહેવાનું હવે શીખવું પડશે.

**શેર આસ્વાદ :**
**સોચને સે કહાં મિલતે હૈ તમન્નાઓ કે શહર**
**ચલને કી જીદ ભી જરૂરી હૈ મંજીલ પાસે કે લિયે**